સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૭૭ / શુમારો : ૫

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

કુલ પાના - ૧૨

مِشْكوة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

**નાશિર** : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

**તા. ૧ જુમાદિલ અવ્વલ ૧૪૩૧ હી., ૧૪-૪-૨૦૧૦**

# -::: ALL IS WELL :::-

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં જગા જગા પર ઈમાનની શરતોની ઝિક્ર કરે છે અને ફરમાવે છે કે, માઅરૂફ (જાઈઝ ચીઝો) નો હુકમ કરવો અને મુનકર (નાજાઈઝ ચીઝો) ની મનાઈ કરવી, તે ઈમાનદાર ની નિશાની છે. ગૌર કરવા જેવી ચીઝ એ છે કે, શુરૂ માં જે વક્ત ઈનસાન ને અલ્લાહતઆલા વુજૂદમાં લાવો તે વક્ત માઅરૂફ અને મુનકરની પહેચાન મઝહબે કરાવી. મઝહબે શીખાવેલી ચીઝો એક કાનૂન (law) ના તૌર પર ઉભરીને આવી. જે લોગો આ કાનૂનને પાબંદી થી માનતા રહ્યા તે **નેકી** પર રહ્યા અને જે લોગો એ કાનૂનની મુખાલેફત કીધી તે બધા **ગુમરાહ** થયા.

શુરૂ થી જ ઈનસાન આ ઈલાહી કાનૂનમાં પોતાની અકલ મુજબ બદલાવ કરીને અઝાબમાં ગિરફતાર થાતો આવો છે. જે મઝહબે ઈનસાનને આ દુનિયામાં ઝિંદગી બસર કરતા શીખાવું એ જ મઝહબ ને ઈનસાન હલકી નઝરથી જોતો આવેલો છે. Internet, Mobile, Satellite ની આ superfast દુનિયામાં ઈનસાન મઝહબને દકયાનૂસી (orthodox)-out of date માને છે. અફસોસ તો એ છે કે એની નઝરમાં માઅરૂફ યા મુનકર, હલાલ યા હરામનો કોઈ વુજૂદ રહ્યો નથી. જે મુજબ એક અદના ગુલામને પોતાના માલિકની હર વાત સહી લાગે છે તે જ મુજબ દુનિયાના ગુલામ બનેલા ઈનસાન ને દુનિયાની હર ચીઝ સહી લાગે છે. **"ALL IS WELL."**

Supreme નો જે વક્ત ફેસલો આવો કે, Homosexuality (મરદ સાથે મરદનો અને બૈરો સાથે બૈરોનો જિસ્માની રિશ્તો) નાજાઈઝ નથી, તે વક્ત પૂરા મુલ્કમાં આ નાપાકી પર સવાર થાનારા લોગોએ રસ્તાઓ પર નીકલીને ખુશી મનાવી. જે ચીઝના સબબ મૌલાના લૂત (અ.સ.) ની કૌમ પર અલ્લાહતઆલા નો અઝાબ નાઝિલ થયેલો, હવે આજે એ જ ચીઝ સરેઆમ જાઈઝ કરવામાં આવી. કુરઆને કરીમમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"તમેં યાદ કરો કે, આગલી કૌમો પર હમેં કઇ તરહ અઝાબ નાઝિલ કીધો છે, તમેં હરગિઝ નહીં ગુમરાહ થાવ અગર તમેં અક્લવાલા હશે તો."**

થોડા અય્યામ પહેલા બીજી ખબાસત-નાપાકી અખબારો માં છપાઈ કે, Supreme એ ફેસલો આપો કે, Live-in relationship (શાદી બગૈર મરદ-બૈરો નું એક ઘરમાં સાથે રેહવું) ગુનો નથી. આજ તક જે ચીઝોથી લોગો બેખબર હતા અને જે ચીઝો થોડા લોગોમાં જ limited હતી - તે હવે સરે આમ અને સરે ઝબાન થઈ ગઈ. કુરઆને કરીમના ફરમાન મુજબ બૈરો ને લાઈક નથી કે, પોતાની ઝીનત (જિસ્મ, ખૂબસૂરતી) ને ગૈર મેહરમ (જેના સાથે શાદી થઈ શકે તેઓ) ને સામે ઈઝહાર કરે - તો Live-in relationship જેવી ગૈર-ઊસૂલી, ગૈર-સમાજી અને ગૈર-ઝિમ્મેદારાના તઅલ્લુકની ચીઝ Islam ને અંદર કઇ તરહ જાઈઝ હોઈ શકે ? નાજાઈઝ રિશ્તાઓને અલગ-અલગ નામ આપવાથી તેનો મતલબ કે નાપાક ઈરાદો બદલાતો નથી. એક કૌમ કે જે મોહર્રમમાં કાલા કપડાનો ખૂબ મુઝાહેરો કરે છે એ લોગોમાં આ મુજબની બદી જારી છે જેને તેઓ મુતાઅ કહે છે. મુતાઅ નો મતલબ એ છે કે જિન્સી ખ્વાહેશાતને ઠંડી કરવા એક મરદ એક બૈરો સાથે contract પર નિકાહ કરે - છ મહીના યા એક વરસ યા એક મુદ્દત વાસ્તે - જેને બાદ મરદ બૈરોથી કોઈ પણ તલાક બગૈર જુદો થઈ શકે છે. જો અગર આ દૌરાન કોઈ ઔલાદ થાય તો એને મરદની વિરાસતમાં કોઈ હક્ક રહેતો નથી. શરીઅતના લેહાઝથી અપના અકીદા મુજબ આ બેવે ચીઝો ખુલ્લી ઝિના છે અને જ્યાં ઝિના છે ત્યાં ફના (બરબાદી) છે.

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**પૈસો ફિત્નો નથી પણ પૈસો મીલવાથી ફિત્નાખોર થઈ જવાય છે.**

## કૌન છે ઝિયાદહ તાકતવર
## -::: તકદીર (કિસ્મત) યા તદબીર (કોશિશ) :::-

એક દિન તકદીર અને તદબીર બેવે આપસમાં મીલા અને બહેસ કરવા લાગા.

તકદીર : હું જે ચાહું તે થાય!

તદબીર : હું જે ચાહું તે કરી શકું છું!

તકદીર : મારા બગૈર તું કંઇ જ કરી શકતી નથી.

તદબીર : હું મારી તાકતથી અને અકલથી તમામ ચીઝને કાબૂમાં લઇ શકું છું.

તકદીર : અગર તું તારા બલ પર કરી શકતી હોય તો મને કરીને બતાવ.

રિવાયતમાં છે કે, એક શખ્સ ઘણો જ તંગ-દસ્ત હતો, રોઝીની ઘણી તકલીફ હતી. ખૂબ મહેનત કરીને, પૂરા દિન મઝદૂરી કરીને પોતાના ઘરવાલા વાસ્તે જમન-પાનીનો બંદોબસ્ત કરતો હતો. એક દિન પૈસાની તંગીથી ઘભરાઇને વિચાર કીધો કે, રોઝ આ તરહની તકલીફ ઉઠાવવા કરતા તો મરી જાવું બહેતર છે. આમ ખયાલ કરીને દરિયામાં ડૂબીને મરી જાવા વાસ્તે ઘરથી દરિયા તરફ ચાલવા લાગો અને દરિયાના કિનારા પર જઇને બેસો. મરવાનો વિચાર એના મનમાં ચાલતો હોય છે કે, એના સામે તદબીર આવીને કહે છે કે, તું શું કામ મરવાનું સોચે છે અને ઝિંદગીથી ઘભરાઇ જાય છે? **લે, આ સોનાની કીમતી માલા હું તને આપું છું. તું રોઝગારી પર જા અને આરામથી તારી ઝિંદગી ગુઝાર.**

તે મરદ ખુશ થાતો થાતો ઘર તરફ જાવા ઉભો થયો કે, રસ્તામાં એક તેઝ-રફ્તાર મોટી ચીલ એના હાથ પર હમલો કરે છે અને તે માલાને મરદના હાથમાંથી ઝુંટવીને ઉડી જાય છે. તે હસરતની નિગાહથી ચીલને જોતો રહી ગયો અને માયૂસ થઇને ઘર તરફ વલો. પોતાની બૈરોને આ હાદેસાની બયાની કીધી કે, દરિયા કિનારે આમ-આમ બનું. બૈરો ગુસ્સે થઇને કહે છે કે, “આ બધી જ બનાવટ છે, મને સમઝાવવા વાસ્તે તમેં નાટક કરો છો, તમને કોઇ કામકાજ તો આવડતું નથી તેથી આ મુજબ ખોટી કહાની બતાવો છો.” બૈરોના તીખા તૈવર જોઇને મરદ ઘણો જ ગમગીન થઇ ગયો. બીજે દિન પાછો તે જ જગા પર ડૂબી મરવા વાસ્તે આવો.

ઇરાદો કરે છે કે, દરિયામાં પડે કે અચાનક તદબીર આવીને એના સામે ઊભી થઇ જાય છે અને કહે છે કે, ભાઇ! શું કામ તારી ઝાતને ખોઇ છે, ખુદકુશી કરે છે. **લે, આ રૂપિયાની થેલી છે. લઇ જા, અને કંઇ કામ-ધંધો કર. અલ્લાહ ઝરૂર તારી રોઝીને આસાન કરશે.**” તે મરદ રૂપિયાની થેલી લઇને ખુશી-ખુશી બાઝારમાં ગયો, ત્યાંથી જમવાનો થોડો સામાન ખરીદીને ઘરમાં આવો. બૈરો તે વક્ત બાહર ગઇ હતી તેથી પોતે પકાવવા વાસ્તે બેસો અને રૂપિયાની થેલીને એક તાકામાં મુકી દીધી. એના પડોશમાંથી એક બૈરો પકાવવા વાસ્તે બાલવાના લાકડા લેવા આવી. તે મરદ લાકડા લેવા વાસ્તે ઉઠો કે, એ બૈરોની ખરાબ નઝર તાકામાં મુકેલી થેલી પર પડી. તે મરદ લાકડીઓ લઇને આવે તે પહેલા બૈરોએ તે રૂપિયાની થેલીને કપડામાં છુપાવી દીધી અને ચુપચાપ ત્યાંથી ચાલી ગઇ.

થોડી વાર પછી તે મરદની બૈરો બાહરથી આવી અને શું જોઇ છે કે, તેનો મરદ જમવાનું બનાવી રહ્યો છે. બૈરોએ પૂછ્યું કે, આ બધુ ક્યાંથી આવું? મરદે ખુશ થઇને રૂપિયાની થેલી બાબત બધી હકીકત જણાવી. આ સાંભલી બૈરોને યકીન થયું અને કહ્યું કે, “જો તમેં સાચું બોલતા હોવ તો મને થેલી આપો. મરદે કહ્યું કે, તે થેલી મેં બાહર તાકામાં મુકેલી છે. બૈરો તાકામાં તલાશ કરે છે મગર કોઇ થેલી મીલતી નથી. બૈરો ખુદ પર કાબૂ રાખી શકતી નથી અને કહે છે કે, હજી તમારી જૂઠુ બોલવાની આદત જાતી નથી. મને એમ લાગે છે કે જૂઠું બોલવાને સાથે તમેં ચોરી પણ કરતા થઇ ગયા છો. જલ્દી ઉઠીને મરદ બાહર આવીને જોઇ છે કે, તાકામાં થેલી મૌજૂદ નથી. એને યાદ આવું કે, હમણાં પડોશ માંથી એક બૈરો લાકડા લેવા આવી હતી, ઝરૂર એ ચોરી ગઇ હશે. પેલી બૈરો બોલી કે, “**મીયાઁ! બેસો હવે, શું કામ કોઇના પર ખોટો ઇલ્ઝામ લગાવો છો? રોઝ આ તરહ મક્કારી કરવા કરતા તો ડૂબી મરવું બહેતર છે.**” બૈરોની આ તાઅનાકશીએ મરદના દિલ પર છૂરી ચલાવી દીધી, એને ગહેરો આઘાત લાગો. તીસરે દિન ડૂબી મરવાનો પાકો ઇરાદો કરીને દરિયા કિનારે આવો.

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**કામિયાબી બાદ હકીકત જાણવી તે કરતા હકીકત જાણા બાદ કામિયાબ થવું સાચી કામિયાબી છે.**

(પેજ નં. ૨ નું બાકી) *કૌન છે ઝિયાદહ તાકતવર.....*

પાનીમાં ડૂબકી મારવા જાય છે કે, સામેથી તદબીર આવીને કહે છે કે, "ભાઈ! સબર કર, તારા બૈરોની તાઅનાકશીથી ઘભરા નહીં. હું તારી મદદ કરવા આવી છું." તદબીરે એક મોટી ખૂબસૂરત અંગૂઠી તે મરદને આપી અને કહ્યું કે, "**આ અંગૂઠી તારા બૈરોને આપજે, એ ખુશ થાશે, તારૂં સઘલું કામ આસાન થાશે, તારી તકલીફોથી તુને છુટકારો મીલશે.**" તે મરદ પાનીમાં ઊભા-ઊભા ખુશ થઈને અંગૂઠીને ચારે બાજુથી જોતા હતા, તેને પહેરતા હતા તેમ ઊતારતા હતા કે એક ઝોરદાર પાનીનું મોજું આવું. તે મરદ પોતાના ઉપરનો કાબૂ ખોઈ બેસો અને તે હંગામમાં ખુદને પાનીથી સંભાલે તે પહેલાં અંગૂઠી દરિયામાં પડી ગઈ. અંગૂઠી ઢુંઢવાની ઘણી મશક્કત કીધી પણ તે હાથ ન લાગી. અફસોસ અને ગમગીની સાથે ઘરમાં આવો અને એક કોનામાં બેસી ગયો. બૈરોએ પૂછ્યું કે, આ તમારા કપડા ભીગા કેમ છે? મરદે જે કઈ દરિયા કિનારે તેના સાથે બનું તે બધું કહી દીધું. બૈરો ઝોર-ઝોરથી ચિલ્લાવવા લાગી કે, "મારી બદકિસ્મતી છે કે, મેં તમારા ઘરમાં છું. આ ફાકાકશી વાસ્તે તમેં મારા સાથે શાદી કીધી, મને તમારી કોઈ વાત સાંભળવી નથી અને હવે પછી મને ખુશ કરવા વાસ્તે રોઝ નવી કહાની બનાવવાની કોઈ ઝરૂરત નથી."

આખિરકાર, તે મરદ હવે બિલા શક મરવાના ઈરાદાથી દરિયા કિનારે જાય છે. યહાઁ તકદીર અને તદબીર આપસમાં પાછા ભેગા થયા. તકદીર, તદબીરને કહે છે કે, કેમ શું થયું? તમેં તમારો અમલ કીધો કે નહીં ? તમારા અમલમાં તમેં કામિયાબ થયા કે નહીં ? તે વક્ત તદબીર જવાબમાં કહે છે કે, ના હરગિઝ નહીં. મેં ઘણી કોશિશ કીધી મગર તમારા બગૈર કામિયાબ થઈ શકી નહીં. તદબીરનો આ જવાબ સાંભલીને, તકદીર કહે છે કે, તમને જો કોઈ વાંધો ન હોય તો હું મારો અમલ કરીને બતાઉં. **તદબીર બોલી કે, હાઁ બિરાદર, તમારા સાથ બગૈર મને કહાઁ ચૈન મીલશે!**

હવે, તકદીર દરિયા કિનારે મરદને નઝદીક જાય છે. તે જોઈ છે કે, મરદ માયૂસ થઈને બેસેલો છે. આંખો માંથી આંસૂ જારી છે અને ડૂબવાની તૈયારી કરી રહ્યો છે. તકદીર કહે છે કે, "મારા ભલા ભાઈ! તમેં શા વાસ્તે ખુદાની કુદરતથી નાઉમ્મીદ થાવ છો. ઝરા, મારી વાતને પણ સાંભલો અને તેના પર અમલ કરો, ઈન્શાઅલ્લાહ ઝરૂર કામિયાબ થાશો. **લો, આ એક રૂપિયો લો અને કઇ ધંધો કરો, ખુદા ચાહશે તો તમેં સુખી થાશો.**"

તે મરદ કોઈ પણ ચીઝ સાંભલવાથી ઈન્કાર કરે છે અને કહે છે કે, ભાઇ ! મને હવે મરી જાવું જ બહેતર છે. સબબ કે, હું મારા બૈરોની અને દુનિયાના લોગોની તાઅનાકશી સાંભલી-સાંભલીને અને ફાકાકશીની મુસીબતથી લાચાર થઈ ગયો છું. મને બે-ત્રણ દિનથી એક શખ્સે મદદ પણ કીધી મગર મારૂં મુકદ્દર મને યારી આપતું નથી. બલકે, અફસોસની વાત તો એ છે કે, હું સાચી વાત કરૂં છું તો દુનિયાના લોગો મને જૂઠો સમઝે છે અને મારી વાતને મારા બૈરો પણ કુબૂલ કરવા તૈયાર નથી. તકદીર કહે છે કે, તમારૂં કહેવું બરાબર છે. મગર, ભાઈ મારી વાતને પણ ઝરા કાન પર લો, મારૂં માનો, મેં જે કહું છું તે મુજબ કરો, ઈન્શાઅલ્લાહ ખુદા તમને ઝરૂર બરકત આપશે. **પછી આવતી કાલે તમને પૂરી છૂટ છે, તમને જે કરવું હોય તે કરજો.**

અય બિરાદરો, અય ભાઈઓ ! તે મરદ એક રૂપિયો લઈને મકાનને તરફ જાય છે કે, રસ્તામાં એક શખ્સ તાઝી-તાઝી મચ્છી લઈને આવો. મરદે તેના પાસેથી આઠ આનામાં એક નાની મચ્છી ખરીદી લીધી. ઘરમાં આવીને મચ્છીને સાફ કરવા લાગો. મચ્છીનું પેટ ચીરૂ કે તેમાંથી પેલી અંગૂઠી નીકલી કે, જે એના હાથમાંથી દરિયામાં પડી ગઈ હતી. મરદ તે અંગૂઠી હાસિલ કરીને ખૂબ ખુશ થયો અને પોતાની બૈરોને કહ્યું કે, આ તે જ અંગૂઠી છે કે, જે ગઈકાલે મારા હાથમાંથી દરિયામાં પડી ગઈ હતી. આજે અલ્લાહની કુદરતથી આ મચ્છીના પેટમાંથી નીકલી. અજબ અલ્લાહની હિકમત છે.

તે બાદ, મરદ મચ્છીની તરકારી બનાવવા વાસ્તે લાકડીઓ લેવા એના ઘરને બાહર એક ઝાડ હતું તે ઝાડ પર કુલ્હાડી લઈને ચઢો. લાકડીઓ કાપતા-કાપતા જોઈ છે શું કે, ઝાડની એક મોટી ડાલી પર સોનાનો હાર લટકી રહ્યો છે. આ હાર તે જ હતો કે, જેને ચીલ તે મરદના હાથમાંથી ઝુટવી ગઈ હતી. ખુશીના મારે મરદે હાર લીધો અને એના બૈરોને ઝાડ પર બેસીને ઝોર-ઝોરથી પુકારવા લાગો. **મરદ કહેવા લાગો કે, જલ્દી બાહર નીકલો ! ચોરની ચોરી પકડાઇ ગઇ છે.**

(બકીયાહ પેજ નં. ૪ પર)

**ખાઈમાં પડેલો બચી શકે, પણ અદેખાઈમાં પડેલો ન બચી શકે.**

(પેજ નં. ૩નું બાકી) **કૌન છે ઝિયાદહ તાકતવર.....**

મરદનો આ આવાઝ પડોશમાં રહેતી બૈરોને સાંભલો જે લાકડા લેવા મરદના ઘર પર આવી હતી. તે બૈરોએ એમ ખયાલ કીધો કે, શાયદ આ મરદ મને પુકારી રહ્યો છે. મેં જે રૂપિયાની થેલી એના તાકામાંથી લઈ આવી હતી તેની ખબર એને પડી ગઈ હશે. જો કોઈ મારા મકાનની તલાશી લેશે, મારી પૂછપરછ કરશે તો મારી ચોરી પકડાઈ જાશે, મારી બેઈઝ્ઝતી થાશે. આ ખયાલ કરીને તે બૈરો રૂપિયાની થેલી લઈને આહિસ્તાથી ધીમે પગે મરદના ઘરમાં આવીને તાકા પર તે થેલી મુકી ગઈ.

મરદે એના બૈરોને ઝાડ પરથી જે હાર મીલો હતો તે આપો, અને બેવે થોડી લાકડીઓ લઈને હાર સાથે ઘરમાં આવા. અચાનક મરદની નઝર તાકા પર જાય છે અને જોઈ છે કે, રૂપિયાની થેલી તેની અસલી હાલતમાં પડી છે. **સુબ્હાનલ્લાહ! શું અલ્લાહની કુદરત છે કે, તે અંગૂઠી, સોનાનો હાર અને રૂપિયાની થેલી બધી જ ચીઝો એક સાથે આજે મીલી ગઇ.** ઝરૂર, આજે મારી તકદીર મારા સાથે છે. વરસોથી મેં તદબીરનો સાથ લીધો મગર અલ્લાહની કુદરત અને તેની મરઝીથી હું આજ તક મહેરૂમ હતો. આજે રઝામંદીએ ખુદાથી હું મારી તદબીરને કામિયાબ બનાવી શકો.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જો દુનિયા, અકલ યા ચાલાકી તેમજ હીલો યા મકરબાઝીથી હાસિલ થાતી હોત તો મેં દુનિયામાં ઊંચા ઊંચા મરતબાઓ હાસિલ કરતો પણ, બંદા વાસ્તે રોઝી-રિઝક કિસ્મતથી આવે છે, અલ્લાહના ફઝલો કરમથી મીલે છે, ન કે અકલ કે મકરથી. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) શું ઉમદા ફરમાવે છે કે, અય બંદા! તું થોડો સબર કર, હર સખ્તીને બાદ સહેલાઈ હોય છે. હર કામ વાસ્તે વક્ત મુકર્રર છે અને તે વાસ્તે કોશિશ પણ ખાસ છે. અલ્લાહતઆલા હમારા હાલાતથી ખૂબ આગાહ છે અને હમારી હર કોશિશ પર અલ્લાહ કાદિર છે, માલિક છે. ★

## -::: અંજુમને તન્ઝીમે મિલ્લતે

સાહબે દાઅવતે આ અંજુમનને, ગયા સાલ સૈયેદના અલી શહીદે આઅઝમ (આ.કુ.) ની ૪૦૦ મી તખ્તનશીની ના યાદગાર મૌકા બાદ જમાઅતના દીકરા-દીકરીઓની નિસ્બત-રિશ્તામાં આસાની થાય તે વાસ્તે તરતીબ આપી હતી. ગયા ઝિલકાદ મહીનામાં આ અંજુમને ઘણી મશક્કત કરીને નિસ્બત વાસ્તે પહેલો પ્રોગ્રામ ઝેનીથ સ્કૂલના ગ્રાઉન્ડ પર આપો હતો, જેની કામિયાબીએ જમાઅતમાં એક નવી રાહ હમવાર કીધી હતી. મુસ્તકબિલમાં આવા પ્રોગ્રામ થાતા રહે, નિસ્બતની ગુફ્તગૂ વાસ્તે એક મખ્સૂસ મુકર્રર જગા હોય અને તે વાસ્તે નવા રિશ્તાઓની તજવીઝ આવે તેમજ પેપર-વર્ક યા ફોલો-અપ બરાબર તરીકાથી થાય તે વાસ્તે અંજુમનના મેમ્બરો નીચે આપેલા વક્ત અને જગા પર બેસસે. જે ફૈયાઝ મુમેનીનને આ અંજુમનના મુસ્તકબિલમાં થાનાર નિસ્બતના પ્રોગ્રામમાં માલી ઈમ્દાદ કરવી હોય તો તેઓ મેમ્બરોનો કોન્ટેક્ટ કરી શકે છે.

**ઓફિસની જગા :**

બુસ્તાનુસ્સવાબ, બુસ્તાને બદરી, મકબરો, વડોદરા.

**વક્ત :** બુધવારે સાંજે ૪:૩૦ થી ૬:૩૦

રવિવારે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦

નિસ્બતની નવી દરખ્વાસ્ત વાસ્તે ૫૦/- રૂપિયા હદીયો રાખેલો છે.

**કોન્ટેક્ટ** : શાહઝાદી શુકરાનાબુ હાશિમઅલી ભાઈસાહેબ : ૦૯૩૨૭૦૬૮૭૩૩

મુબીનાબુ હમઝાઅલી પોપટવાલા : ૦૯૯૯૮૮૭૦૮૭૩. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **અલીહુસૈન મોહંમદઅલી બાકરોલવાલા**
સરનામું : અત્તરવાલાના મકાન સામે, બદરી મોહલ્લા, વડોદરા.
વફાતની તારીખ : ૨૪ રબીઉલ અવ્વલ ૧૪૩૧ / ૯-૩-૨૦૧૦, મંગલવાર.
ફોન : ૯૨૨૮૪૧૯૧૪૧.

---

નામ : **રિઝવાનાબુ રજબઅલી હઝારીવાલા**
સરનામું : બદરી મોહલ્લા, વડોદરા.
વફાતની તારીખ : ૭ રબીઉલ આખર ૧૪૩૧ / ૨૨-૩-૨૦૧૦, સોમવાર.
ફોન : ૨૫૮૦૯૪૪.

---

નામ : **ઝિયાઉદ્દીન બુરહાનુદ્દીન મુકાદમ**
સરનામું : તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા.
વફાતની તારીખ : ૧૦ રબીઉલ આખર ૧૪૩૧ / ૨૫-૩-૨૦૧૦, શનિવાર.
ફોન : ૯૮૨૪૨૫૬૭૩ ★

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ : -
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**તમારું ન હતું અને તમેં આપું તો સવાબ તમારો થયો, પણ તમારું ન હતું અને તમેં રાખી મુકું તો તે રાખ થઈ ગયું.**

## -::: જાઅફર નહેરવાલીની ફિતનત :::- કિસ્ત - ૨

જાઅફરે યમનમાં તાઅલીમ હાસિલ કરવાને બહાને ત્રણ સાલ ગુઝારા. જે ઘડી એને જોયું કે, હવે ઈજાઝત લેવાનો સહી વક્ત આવી ગયો છે, તો એ સૈયેદના પાસે ગયો અને બોલો કે, આપની રઝા થાય તો આ ગુલામ હિન્દુસ્તાન તરફ જાય અને મારા વાસ્તે ખિદમતની તરતીબમાં કઈ કરમ થાય. જાઅફર, હિન્દ અને સિંધના વાલી મૌ.હસનના ઉપરનો દરજો હાસિલ કરવા ચાહતો હતો. પણ જાઅફરના હસદની આગનો ધુંઓ-બેઈમાની ની બદબૂ સૈયેદનાએ મેહસૂસ કરી લીધી હતી. સૈયેદનાએ ફરમાવું કે, અય જાઅફર, હિન્દમાં તમારા ઉસ્તાઝ અને મુફીદ મૌ.હસન છે, એમની તાઅત કરજો, એમના હુકમને લઈ ઉઠજો અને જાણ જો કે, એમની તાઅતમાં મારી તાઅત છે અને એમની નાફરમાની તે મોટી ખતા છે. આ કલામ સાંભલીને જાઅફર ઠંડો પડી ગયો, ઝબાન લાકલામ થઈ ગઈ અને પોતાની **ખ્વાહિશ ખાકમાં મીલી ગઇ.**

જાઅફરે વિચાર કીધો કે, હજી એક વરસ યહાઁ રૂકવામાં ભલાઈ છે, શાયદ હું મારા ઈરાદામાં કામિયાબ થઈ જાઉં. સૈયેદનાની હઝરતમાં અરઝ કીધી કે, હું ઈલ્મો અમલમાં ઔર પુખ્તા થાવા ચાહું છું, લેહાઝા એટલી ઈજાઝત હોય તો થોડા વક્ત તક યહાઁ વધારે ઠેહરી જાઉં. સૈયેદનાએ અરઝને મંઝૂર રાખી. ઘણા અય્યામ ગુઝરી ગયા, પછી પાછો જાઅફરનો સુતેલો શયતાન જાગો. જે મુજબ હિન્દુસ્તાન જાવાની પહેલા અરઝ કીધી હતી, તે દોબારહ કીધી. ફરમાને આલી થયું કે, **"તમને જાવું હોય તો જાવ અને ઠહેરવું હોય તો ઠહેરો. વાલીએ હિન્દ જે મુજબ કહે તેમ કરજો અને એમની રઝા સિવાય કોઇ અમલ ન કરજો."** જાઅફરની તમન્ના પૂરી ન થઈ. થોડા દિનો તક ત્યાં રૂકો અને પછી હિન્દમાં નમાઝની રઝા અને દાઅવતમાં તરતીબનો સવાલ કીધો. સૈયેદનાની હઝરત માંથી ફરમાન થયું કે, "જાઅફરને ફક્ત અદન તક નમાઝ પઢાવવાની ઈજાઝત છે તે બાદ એ નમાઝ ન પઢાવે. હિન્દના વલીયુલ અમર મૌ.હસન છે. પહેલે મૌલાઈની મુલાકાત કરે તે બાદ જેની રઝા થાય તે મુજબ જ અમલ કરે."

જાઅફર પરૈશાન હાલ થઈને, નાઉમ્મીદ થઈને હિન્દુસ્તાન તરફ રવાના થયો. એની નિય્યતે બદ ની અસ્લીયત આહિસ્તા-આહિસ્તા અમલે બદમાં નકલ થઈ. દુશ્મની અને નિફાકનો રંગ ઝાહિર થયો. એની ઝબાને શીરીન હવે ઝહેરીલી તલવારમાં તબ્દીલ થાવા લાગી. હસદ અને તકબ્બુરીમાં હાસિલ કીધેલું ઈલ્મ નાપાક નજાસત બનીને બાહર નીકલું. હિન્દની ઝમીન પર પગ મુકતા જ લોગોમાં એના આવવાની ખબર આગ જેમ ફેલાઈ ગઈ. પહેલા દિવ બંદર પર લોગોએ એનું ઈસ્તિકબાલ કીધું, નમાઝનો વક્ત થયો, લોગોએ નમાઝ પઢાવવા વાસ્તે એને કહ્યું. જાઅફરે પહેલા તો ઈન્કાર કીધો પણ જે વક્ત જોયું કે લોગોમાં એની ખૂબ ઈઝઝત છે, તો શયતાની જાલમાં લાલચ અને શોહરતના સબબ ફસાયો. **એ કિબ્લામાં ચઢી ગયો, બગૈર રઝાથી નમાઝ પઢાવી.** ત્યાંથી ભરૂચ ગયો અને એ જ મુજબ નાફરમાની પર કાઈમ રહ્યો, તે બાદ ખંભાત પહોંચો. ત્યાં પણ એના અમલે બદથી બાઝ ન આવો અને લોગોને નમાઝ પઢાવી. આખિરકાર જાઅફર અહમદાબાદ પહોંચો અને મૌલાઈ હસનની હઝરતમાં પૈશ થયો. એના આવતા પહેલા મૌલાઈએ જાઅફરના અખ્બાર હાસિલ કરી લીધા હતા, એના કરતૂતથી વાકિફ થઈ ચુકા હતા.

મૌ.હસનને નઝદીક જાઅફર બેસો અને એ પોતાની ઝબાનને ખોલે તે પહેલા મૌ.હસને એના પાસેથી સૈયેદનાનો કાગઝ તલબ કીધો. કાગઝમાં દરજ હતું કે, **"અય વાલીએ હિંદ, જો મુનાસિબ સમઝો તેમ જાઅફરને રઝા અને નમાઝ વાસ્તે ઇજાઝત આપજો."** મૌ.હસને કહ્યું કે, હું રઝા આપું તે પહેલા તું એ ઘણો અઝીમ ગુનાહ કીધેલો છે. બગૈર રઝાથી નમાઝની તવલ્લી કીધેલી છે. તારા પાછલ જે લોગોએ નમાઝ પઢેલી છે તે ગૈર-જાઈઝ છે. **જાઅફર બોલો કે, સાહબ, આપનું કહેવું મુનાસિબ છે. આ ગુલામની ભુલ થઇ છે, ખતા મઆફ થાય.** મૌ.હસન, અહલુલ બૈત (અ.સ.) ના મઝહબે મુતહહરને જાણતા હતા, તેના ઊસૂલની હકીકતોથી આપ રૂઆશના હતા, આપને ઈલ્મ હતું કે, આ ઊસૂલનું અસલ જ રઝા છે, ઈતાઅત-ગુઝારી છે. અય જાઅફર, તમેં નમાઝને વાલો અને જેઓએ તમારા પાછલ જેટલી નમાઝો પઢેલી છે, તેઓને લખો કે એટલી નમાઝોને વાલે. જાઅફરે કહ્યું કે, સાહબ, આપ જ તેહરીર ફરમાવો તો આ ગુલામ આપનો મશ્કૂર થાય, મને ઘણી શરમ આવે છે. મૌ.હસને જવાબ આપો કે, તમારી જો નિય્યત સાફ હોય તો તેમાં કોઈ શરમ ન હોવી જોઈએ અને એક મશ્હૂર કહાવત એ છે કે, **"જે તોડે તે જોડે."** ★

**ખુશી અને સુખ કોઈ વકત ગૈરહાઝિર હોતા નથી, ફકત અપને તેને હાસિલ કરવાના રસ્તા ખબર નથી.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✤ પૂરી કાએનાતની પૈદાઈશનો નતીજો-ખુલાસો અને નિચોડ, અલ્લાહતઆલાએ પોતાના અંબિયા-ઔલિયાને બનાવેલા છે. કોઇ પણ ચીઝને અંબિયાની પૈરવી સિવાય તેની પૈદાઈશની ગરઝ, મકસદ અને માઅનાની માઅરેફત ન થઈ શકે. જેમ અલ્લાહતઆલાએ આસ્માનોમાં બેશુમાર ફરિશ્તાઓને પૈદા કીધા તેમ, ઝમીનમાં પણ પૈદા કીધા. તે બાદ આ સઘલાને આસ્માનો તરફ ઊંચા કીધા અને જિન્નાતની પૈદાઈશ શુરૂ કીધી. જિન્નાતે ઝમીનમાં ખૂબ ફસાદ કીધો, જંગો જિદાલ કીધી, ખૂઁરૈઝી કીધી, એના અંબિયાને નાહક્ક કત્લ કીધા. લેહાઝા, અલ્લાહતઆલાએ ફરિશ્તાઓને ઉતારા અને તેઓએ જિન્નાતને હલાક કીધા અને આબાદીથી દૂર ભગાવા. તે બાદ અલ્લાહતઆલાએ ઈન્સાનને પૈદા કરવાનો ઈરાદો કીધો અને ફરિશ્તાઓને કહ્યું કે, **"હું ઝમીનમાં એક ખલીફાને પૈદા કરનાર છું."** ફરિશ્તાઓ બોલા કે, શું તું એવા શખ્સને પૈદા કરવા ચાહે છે કે, જે જિન્નાતને મિસિલ ઝમીનમાં ફસાદ, ફિત્નો અને ખૂઁરૈઝી કરે. હાલાઁકે, હમેં તારા હમ્દ અને ઝિક્રની તસ્બીહો તકદીસ કરીએ છીએ. અલ્લાહતઆલાએ જવાબમાં કહ્યું કે, **"મેં તે ચીઝને જાણું છું જેને તમેં નથી જાણતા."** ફરિશ્તાઓ સમઝા કે, હમારાથી ઘણી મોટી ભૂલ થઈ છે તો ફૌરન તૌબા કીધી, ઈસ્તિગફાર વાસ્તે અરઝ કીધી. તે બાદ અલ્લાહતઆલાએ પાકીઝા ઝમીન પરથી ભીગી માટીની એક મુઠ્ઠી લઈને તેનાથી આદમીની સૂરત પૈદા કીધી. આ સૂરતમાં ઝિંદગી ગુઝારવા વાસ્તે જે ચીઝોની ઝરૂરત પડે તેની ત્રણ અહમ તબીઅતો હતી, **રતૂબત** (ભીંગાશ), **બોરૂદત** (ઠંડક) અને **યબૂસત** (સૂકાશ). પણ એક ચોથી તબીઅત, જે ઉપરની ત્રણ કરતા વધારે અહમ હતી, તે **હરારત** (ગરમી) ની ઝરૂરત હતી. **ખુદાએ તેમાં રૂહની હરારત ફૂંકી, ઇલ્મ અને નૂરની જાન નાંખી.** હવે આ સૂરતે નૂરાનીનું નામ **"આદમ"** રાખવામાં આવું.

✤ ખુદાએ ફરિશ્તાઓને હુકમ કીધો કે, તેઓ આ નૂરાની શિકલવાલા આદમને એના ઈલ્મના શરફના સબબ તાઅઝીમ કરે, સજદો કરે. ફરિશ્તાઓ ભલે વરસોથી અલ્લાહની તસ્બીહ-તકદીસ કરતા હતા, ઈબાદત કરતા હતા, મગર જે જૌહર અને ફઝીલત આદમની હતી, તેની સરખામણી કોઇના સાથે થઈ શકે એમ ન હતી. આદમની પીઠમાંથી અંબિયા થાનાર હતા. જેઓના હાથમાં ખુદાના દીનની લુગામ રહેનારી હતી. આ દીન અકલવાલાઓનું દીન હતું અને અકલવાલાઓનો વુજૂદ ઈલ્મ બગૈર નામુમ્કિન હતો. **તેથી આદમને ઇલ્મ, અક્લ અને દીનના સબબ અશરફુલ મખ્લૂકાત કહેવામાં આવા.** ખુદાની ઝમીનો આસ્માનની બધી જ મખ્લૂકાત કરતા બરતર અને અફઝલ આદમી છે. ફરિશ્તાઓ કરતા આદમ અફઝલ થયા. લેહાઝા, કુલ મલાઈક આદમને નઝદીક ઝુકી ગયા, મગર પોતાની ઝાત પર તકબ્બુરી કરનાર, આદમ વાસ્તે હસદ રાખનાર, આદમના દરજાને કુબૂલ ન કરનાર ઈબ્લીસે સજદો ન કીધો.

✤ આગથી બનેલા ઈબ્લીસે અદેખાઈ અને મોટાઈની આગમાં પડી ભીગી માટીથી તખ્લીક પામેલા આદમને તસલીમ કરવાનો ઈન્કાર કીધો. ઈબ્લીસ બોલો કે, અય રબ, તુંએ મને આગથી પૈદા કીધો છે અને આ આદમને માટીથી, મગર આગ માટી કરતા અફઝલ છે, **આદમ મારા સજદાને લાઇક નથી.** ઈબ્લીસની આ તકબ્બુરી તેના વાસ્તે સખ્ત અઝાબ લઈને આવી. ખુદાએ ગઝબનાક થઈને તેના ઉપર લાઅનત બોલી, ફરિશ્તાઓને પણ ઈબ્લીસ પર લાઅનત બોલવાનો હુકમ કીધો. ઈબ્લીસને **ખુદાની રહેમત, નેઅમત અને જન્નતથી** દૂર કરવામાં આવો. ઈબ્લીસની આદમ સાથેની આ દુશ્મની હર દૌરમાં અને હર ઝમાનમાં નઝર આવે છે. જે સાહબે ઝમાના આદમની દાઅવતના ધણી હોય છે, જે નૂરની શિકલવાલા અને ઈલ્મની સિફતવાલા હોય છે, તેના ખિલાફ આગની જલનવાલો ઈબ્લીસ હોય જ છે. જો બાતિલ-જૂઠની આગ ન હોય તો હક્ક-સચ્ચાઈના નૂરની કઈ તરહ માઅરેફત થઈ શકે ? જો આગથી બલી ન જવાતુ હોત તો નૂરની ઠંડકનો એહસાસ કેમ થઈ શકેત ? ઈન્સાન, ઈબ્લીસની સંગતમાં આવે છે, તો **હયવાન કરતા બદતર** બની જાય છે અને સાહબે દાઅવત - આદમુઝ ઝમાનની સોહબતમાં રહે છે, તો **ફરિશ્તા કરતા નૂરાની** બની જાય છે. આદમી વાસ્તે આ દુનિયામાં બેવે રસ્તા ખુલ્લા છે, એક તસ્લીમો રઝાનો અને બીજો મનમાની અને હું-પણાનો છે. ★

**" નથી " તેની ફિકર છોડશો તો જે " છે " તેનાથી ખુશ થઈ શકશો.**

## –::: અખ્બાર તૈયેબીયાહ :::–

**કરબલાએ મોઅલ્લાની સફર મુબારક :**

**"રઝા" તૈયેબ ઝિયા મૌલાકી લે કે ચલતે હે,**
**દોઆએ આકા કી હમ સાથ લે કે ચલતે હૈં,**
**હે "અલવી કાફલે" કી ખૂબ હે કિસ્મત ચમકી,**
**યે આસ્તાને સે કુરઆન પઢકે ચલતે હૈં.**

હુઝુરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ની પંદો નસીહત, સબક-હિદાયતના પુરઅસર કલામના નતીજા રૂએ જેમ મુમેનીન છેલ્લા ૫-૬ સાલથી પોતાની પાક દૌલતને હજ્જે બયતુલ્લાહના રૂકનને અદા કરવામાં ખર્ચ કરે છે અને મુમેનીનની તાઅદાદમાં હર સાલ ઈઝાફો થાતો જાય છે, જે તે તરફ ઈશારો કરે છે કે, ચંદ સાલમાં કોઇ જ ઘર એવું ખાલી હશે જેમાં કોઇ હાજી નહીં હોય. આના જ નકશે કદમ પર ઝિયારતે હુસૈનીયાહ અલવીયાહને વાસ્તે જાનાર મુમેનીનની હમણાં કૈફીયત છે. છેલ્લા બે સાલથી કરબલાએ મોઅલ્લા અને બીજી ઝિયારાતે મુકદ્દેસાહનો કસ્દ કરનાર મુમેનીનમાં વધારો થાતો જાય છે, રગબત-જઝબો વધતો જાય છે અને **હજ્જ બાદ હવે કરબલા, યમન અને ઉમ્રાહની એહમીયત કાઇમ થઇ રહી છે.** દૌલત ખર્ચ કરવાનો આ તરીકો આઅલામાં આઅલા છે.

પહેલી બહાર- રબીઉલ અવ્વલ, કે જેના મમ્સૂલ સરવરે કાએનાત, ફખરે મૌજૂદાત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે અને બીજી બહાર-રબીઉલ આખર, કે જેના મમ્સૂલ આપ નબી સાહબના નૂરે નઝર ઈમામુઝઝમાન (અ.સ.) છે, જેના વસીલાથી જ મુમેનીનને ઝિયારતે ઔલિયાથી ફૈઝ અને સવાબ હાસિલ થાય છે. **આ બે મુબારક મહીનામાં કરબલા, નજફ, શામની ઝિયારતો વાસ્તે મુમેનીનના બે કાફલા રવાના થયા જેમાં કુલ ૮૦ને કરીબ મુમેનીન શામિલ થયા.** આજ તક અલગ-અલગ ઝરીઆ અને ગ્રુપમાં મુમેનીન જાતા હતા મગર ખુશની બિના એ છે કે, આ સાલ સાહબે દાઅવતની તાઇદથી જમાઅતના જ ખિદમતગુઝાર ભાઇઓએ ફક્ત અપની જમાઅતના જ મુમેનીન વાસ્તે ટૂરનો બંદોબસ્ત કીધો. મુમેનીન સાથે રઝાના સાહબો હાઝિર હતા, જેઓને માઝુનુદ્દાઅવત (દા.મ.) તરફથી ખાસ હિદાયતો આપવામાં આવી હતી. હર મુમ્કિન મકામાત પર ઈમામતની નમાઝ અદા થઈ, ઝરીહે અન્વરને નઝદીક આહો ઝારી સાથે ખૂબ માતમ થયું, દોઆ થઇ, મજલિસે અઝા બરપા થઇ, મુખ્તલિફ જગાઓની તારીખ અને તેને લગતી માઅલૂમાત મુમેનીનને હાસિલ થઇ. આવા કામિયાબ સફરની યાદ, જેમાં દાઅવતે હાદીયાહના મરકઝ તરફથી મુકર્રરશુદા સાહબની નુમાઈંદગી હોય, ઝૂવ્વારના કલ્બો ઝમીરમાં હર વક્ત ઝિંદા રહેશે. હઝારો રૂપિયાનો ખર્ચ કરીને ઝિયારતના મકસદથી મુમેનીન ૧૭-૧૯ અય્યામ સફર ઈખ્તિયાર કરતા હોય અને જો હમ-નશીન મુમેનીનનો સથવારો અને સોહબત હોય, સહી હકીકત બતાવનાર રાહનુમાની રાહનુમાઈ હોય, તો સફરના હર લમ્હાને એક ખૂબસૂરત તસ્વીરમાં તબ્દીલ થાતા વાર નથી લાગતી. ★

**મુંબઈમાં નવી મસ્જિદની તાસીસ :–**

હુઝુરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.)ની સાલગિરાહની ખુશી બાદ મુમેનીન વાસ્તે એક ઔર ઝર્રીન મૌકો બાઇસે મસર્રત બનો હતો. આ તૈયેબી દૌર, દૌરે તાઅમીરી અને દૌરે તાઅલીમી છે. કોઈ પણ ચીઝની તાઅમીરમાં વરસોની મહેનત અને સાચી લગન દરપૈશ હોય છે. દૌરે તૈયેબીમાં મસાજિદની વાત કરીએ તો હુઝૂરેઆલી એ આપના દસ્તે મુબારક પર ૪ મસ્જિદોનું ઈફ્તેતાહ ફરમાવું છે, ૧) મસ્જિદે તૈયેબી (આજવા રોડ, વડોદરા) ૨) મસ્જિદે શિહાબી (પ્રતાપનગર, વડોદરા) ૩) મસ્જિદે હાતિમી (સૂરત) અને ૪) મસ્જિદે ફાતેમી (નડિયાદ).

સૈયેદના બદરૂદ્દીન સાહબ (ક.રૂ.) ના ઝમાનમાં વરલી (બદરી બાગ) ખાતે આપ મૌલા જે વક્ત ૯ મહીના વાસ્તે મુંબઇ પધારા હતા તેના ૧૦ વરસ પહેલા હિ.સ.૧૩૫૬ માં આપની તદબીરથી તે વકતની ઝરૂરત તેમજ હાલત મુજબ બદરી મસ્જિદ તાઅમીર થઇ હતી. વક્ત જાતા મસ્જિદની ઈમારત ખૂબ કમઝોર થઇ ગઈ, અને નમાઝીઓ વાસ્તે જગા તંગ થવાના સબબ **મસ્જિદની નવી બિના ઊભી કરવાની હાજત પૈશ આવી.** ઘણા વક્તથી સાહબે દાઅવતની કોશિશે પયહમ અને મુંબઇની કમીટીની રગબતના સબબ હાલમાં મસ્જિદની બિના વાસ્તે રાહ હમ્વાર થઈ.

૬ રબીઉલ આખર ૧૪૩૧, રવિવારે હુઝૂરેઆલી (ત.ઉ.શ.)ના ફરમાનથી માઝૂનુદ્દાઅવત (દા.મ.) મુંબઇ પધારા અને વરલી પર બદરી બાગમાં જદીદ મસ્જિદની સંગે બુનિયાદ (તાસીસ) મુકી. આપે આપના દસ્તે મુબારક પર ઝબીહત કીધી, મખ્સૂસ મુમેનીનની હાઝરીમાં તાઅમીરે મસ્જિદ વાસ્તે દરાઝ દોઆ ફરમાવી, મુમેનીનને મસ્જિદની એહમીયત સમઝાવી, રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) થી અઈમ્મતના ઝમાન તક અને તે બાદ દોઆતના વક્તમાં કઇ તરહ મસ્જિદોની તાઅમીરાત થઇ હતી તેની તારીખ બયાન ફરમાવી, ત્યાં કબ્રસ્તાનમાં આવતા સાલોમાં કબરોની જગા કેમ થાય તે વાસ્તે એલાન કીધું અને મદ્રસા-દીની તાઅલીમ વાસ્તે પુખ્તા ઈન્તેઝામ કરવા પર જવાનોને તાકીદ કીધી, **મસ્જિદની તાઅમીરમાં કોઇ રૂકાવટન પૈશ ન થાય તે વાસ્તે મુમેનીન ફૈયાઝદિલીથી પોતાની દૌલત અલ્લાહના ઘર વાસ્તે કુરબાન કરે એની ખાસ હિદાયત આપી.** જેની ઈબ્તેદા ખૈર પર થઇ છે તેને અલ્લાહતઆલા ખૂબ બેહતરીથી અંજામ પર પહોંચાડે અને મુમેનીનને હુઝૂરેઆલી (ત.ઉ.શ.)ના દસ્તે મયમૂન પર જદીદ મસ્જિદના ઈફ્તેતાહનો યૌમે સઈદ જલ્દ-અઝ-જલ્દ નસીબ કરે. ★

**ગુસ્સામાં ઈન્સાન પોતાના દિમાગ અને ઝબાન પર કાબૂ ખોઈ બેસે છે જેના ઉપર એની ઈઝઝત ઉભેલી છે.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### Vaccination (રસીકરણ)

✷ ૧૯૮૫ માં Govt. of India ની guidelines મુજબ UIP (Universal Immunization Program) શુરૂ થયો જેમાં નીચે મુજબની vaccines બચ્ચાને મુકાવવી ઝરૂરી છે.

| | |
|---|---|
| જન્મે તે વક્ત | BCG અને oral polio vaccine |
| 6 weeks | BCG (અગર પહેલા ના અપાય તો) DPT-1, OPV-1 |
| 10 weeks | DPT-2, OPV-2 |
| 14 weeks | DPT-3, OPV-3 |
| 9 months | Measles (ઓરી) |
| 18-24 months | DPT, OPV (બુસ્ટર) |
| 5 years | DT |
| 10 & 16 years | TT |
| Pregnant Woman | પ્રેગનન્સી ની શરૂઆતમાં TT-1 અને ૧ મહિના પછી TT-2 |

- આ સિવાયની ઝરૂરી vaccine જેવી કે Hepatitis - B (કમલો), MMR (૧૫-૧૮ મહિને) અને Typhoid ની vaccine પણ અપાય છે.
- હાલના Pediatricians (બચ્ચાના ડૉક્ટરો) ઉપર બતાવેલી vaccine સિવાય બીજી types ની vaccine મુકાવવા પર ઝોર કરે છે જેમકે - Chicken pox (અછબડા), Hepatitis-A (ચેપી કમલો), Influenza, Meningitis (મગજનો તાવ) - જે મુકાવવું બિલકુલ ઝરૂરી નથી.
- Vaccines પ્રાઈવેટ ક્લીનીક યા હોસ્પીટલ માં મુકાવવાના બજાય એવી જગા પર મુકાવવી જોઈએ જ્યાં Govt. time table પ્રમાણે vaccine આપવામાં આવતી હોય.
- જે ડૉક્ટરો પોતાની clinic પર બીજી pharma companies ની vaccine રાખે છે અને charges લે છે એની હકીકત હાલમાં જ Times of India અખબારમાં આવી ગઈ.
- યાદ રહે કે, BCG, Polio, DPT, MMR, TT, Hepatitis-B, Typhoid સિવાય કોઈ પણ બીજી vaccine ઝરૂરી નથી.

| **Vaccine** નું નામ | કઈ બીમારી થી રોકે છે | MRP બઝારનો ભાવ (રૂા.) | Doctors ને જે ભાવમાં અપાય છે તે (રૂા.) | Doctors નો મુનાફો (ટકા) |
|---|---|---|---|---|
| **Pentaxin** | **Diphtheria, Tetanus, Polio, Influenza-B** | **2,066** | **1,446** | **43 %** |
| **Immovax Polio** | **Polio** | **365** | **280** | **30 %** |
| **Tripacel** | **DPT** | **1,211** | **762** | **59 %** |
| **Okavax** | **Chicken Pox** | **1,468** | **986** | **49 %** |
| **Avaxim** | **Hepatitis-A** | **952** | **665** | **43 %** |
| **Tetract HIB** | **DPT - Influenza** | **504** | **305** | **65 %** |
| **Act HIB** | **Influenza - B** | **426** | **251** | **70 %** |

- યાદ રહે કે, BCG, Polio, DPT, MMR, TT, Hepatitis-B, Typhoid સિવાય કોઈ પણ બીજી vaccine ઝરૂરી નથી.

✱ **જહાંગીર પૂરા** : મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧ થી ૧ ★
✱ **આજવા રોડ** : બુધવાર / રવિવાર : સવારે ૧૦ થી ૧૨, રવિવાર : સાંજે ૫ થી ૮ ★
✱ **વાસણા રોડ** : સોમવાર થી જુમેરાત અને શનિવાર : સાંજે ૫ થી ૮ ★

**બીજાને સુધારવા કરતા ખુદના ઘરના લોગોને સુધારવાની કોશિશ કરો.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) જે ----- થી ઝિયાદહ બોલે તેની ઈઝઝત સલામત ન રહે. (૨)
(૨) જેટલો બને તેટલો સદકો આપવામાં કોઈ----- નથી. (૩)
(૩) હર મઝારોને બાહર તેનું ----- હોય છે. (૩)
(૭) જે નમે તે હર ----- ને ગમે. (૨)

**આડી તરકીબ :**

(૨) ----- થવાથી વુઝૂ તૂટી જાય છે. (૩)
(૪) અલ્લાહના અઝાબનો ------, આખેરતમાં ખુશીનો સબબ બને છે. (૨)
(૫) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આખિરી ----- પઢા બાદ મૌ.અલી (અ.સ.) પર નસ્સ ફરમાવી. (૨)
(૬) ----- ના હર ઝર્રા પર જમવાવાલાનો નસીબો હોય છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | શ | | |
| | ક | બ | ર | |
| મા | મા | ■ | ફી | લ |
| | લ | મ | ક | |
| | | ધ | | |

સહી જવાબ આપનાર : મશ્કૂરઅલી ઈ. ઉમલ્લાવાલા ★

---

*(પેજ નં. ૧નું બાકી)*

***ALL IS WELL...***

ઈનસાન ના ઝાતી રિશ્તાઓમાં હાલના વક્તમાં જે કંઈ બદલાવ થઈ રહેલો છે તે "બૈત" (house) ના ફલસફા ને ખિલાફ છે અને તેની બુનિયાદને ખોખલી કરનાર છે. અય ઈમાનદારો ! અલ્લાહનો લાખ-લાખ શુક્ર છે કે, હમને અહલે બૈત (અ.સ.) ના માનનાર કીધા. બૈત તે છે કે, જે જગા પર પાક રિશ્તાથી જોડાયેલા લોગો એક સાથે રહે. અગર આ પાક રિશ્તાઓમાં કોઈ નાપાકી દાખિલ થાય તો તે બૈત. બૈત નથી રહેતું મગર ફના નું ઘર બની જાય છે. અહલેબૈત (અ.સ.) ની સીરત અને સૂરત પર ચાલનારા મુખ્લિસ મુમેનીન ના ઘર ની હિફાઝત કરનાર અલ્લાહતઆલા છે.

દુનિયાનો ચશ્મો પહેરીને જોશો તો દિલમાં ALL IS WELL નો જ એહસાસ થાશે. મઝહબની હકીકતનો ચશ્મો પહેરીને જોશો તો એહસાસ થાશે કે, **"ALL IS NOT WELL" BUT SOMETHING IS SURE BECOMING HELL.** મૌલાના અલી (અ.સ.) એ દુનિયા ને ત્રણ વક્ત તલાક આપીને મુમેનીનને વાસ્તે નસીહત ના દરીયા વહાવી દીધા. હરગિઝ એમ ન માનો કે, જે છે તે આ દુનિયા માં જ જોવાનું છે. દુનિયા તો ફક્ત આ આઁખોના ગોલાથી જેટલું દેખાય છે તેટલી જ છે, ઘણી ખૂબસૂરત, જમાલદાર, રાહતબખ્શ અને લઝઝતદાર છે. હમેં માનીએ છીએ કે, હમેં જે ચાહું તે મીલું. જે ગમું તે કીધું, હમેં આઝાદ છે, હમેં દુનિયાની ફિઝામાં મસ્ત છે, તેની લઝઝતોમાં મદહોશ છે, હમને બધું જ મીલી ગયું, ALL IS WELL. હવે દિલની આઁખ જેમાં ઈમાન છે તેનાથી હમેં જોઈએ છીએ, તો દુનિયા હમને આખેરતનો પડછાયો લાગે છે. અસલી લઝઝત અને સાચી આઝાદી તો દુનિયા પછી છે. દુનિયાની રાહતોમાં ફસાઈને જે શખ્સ **ILL** (બીમાર) થયો તે કોઈ વક્ત આખેરતમાં **WELL** (તંદુરસ્ત) થાનાર નથી. દુનિયામાં ખુદાનો ડર રાખીને જે શખ્સે પોતાના અમલને **WELL** (દુરસ્ત) રાખા તેનું ઠેકાણું કોઈ વક્ત **HELL** (જહન્નમ) થાનાર નથી. આ ઘરને અંદર જેટલા ખૈર અમલ થાય એટલા કરી લો કેમકે મુમિનની મંઝિલ દુનિયા નથી મગર આખેરત છે જે જગા પર એને હકીકી ખુશી અને ખુલાસી નો એહસાસ થાશે. અલ્લાહતઆલા હમને દુનિયાની તમામ ફિતનત થી બચાવે. આમીન... ★

**મુસ્તકબિલનું વિચાર કરવા કરતા હાલ વાસ્તે વિચાર કરવો વધારે ફાયદો કરશે.**

**મુશ્કિલ કામ કરવામાં જ ઈન્સાનની હુશિયારી ઉભરી આવે છે.**

# -::: કુરઆનનો આંકડો અને સચ્ચાઈ :::-

એક વક્ત મૌ.અલી (અ.સ.) ને એક શખ્સે સવાલ કીધો કે, યા મૌલા, હમને આપ એકની ગિન્તીથી લઈને ૧૨ ની ગિન્તી તક, અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં આ ૧૨ ગિન્તી વાસ્તે જે આયતે શરીફાહ નાઝિલ ફરમાવેલી છે, તે ઈરશાદ ફરમાવો. તો આપે જવાબ ઈનાયત કીધો કે, **"૧"** તે છે કે, અલ્લાહતઆલા એક છે, ફર્દ છે, વાહિદ છે, સમદ છે અને કૌલે ઈલાહી છે કે, "તમારો ઈલાહ એક જ ખુદા છે, તેનો કોઈ સાની નથી અને તેમાં કોઈ શરીક નથી. **"૨"** તે, આદમ અને હવ્વા (અ.સ.) છે, સૂરજ-ચાંદ છે. જે બેવે જોડી પહેલા અલ્લાહએ કોઈ બશરને પૈદા ન્હોતો કીધો. **"૩"** વાસ્તે કુરઆને કરીમમાં જિબ્રઈલ, મીકાઈલ અને ઈસ્રાફીલ ફરિશ્તાની ઝિક્ર છે. અલ્લાહતઆલાએ કોઈ ફરિશ્તાઓને આ ત્રણ પહેલા પૈદા ન્હોતા કીધા. "૪" ની ગિન્તીમાં હ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) નો સહીફો, મૂસા કલીમુલ્લાહ (અ.સ.) વાસ્તે તૌરાત, ઈસા રૂહુલ્લાહ (અ.સ.) વાસ્તે ઈન્જીલ અને મોહંમદ રસૂલુલ્લાહ ખત્મુલ મુરસલીન (સ.અ.વ.વ.) વાસ્તે કુરઆને કરીમ છે. આના સિવાય શરીઅતના કાઈમ કરનાર બીજા કિતાબો નાઝિલ નથી થયા. કુરઆનમાં **"૫"** ની ગિન્તી તે પાઁચ ફરઝોની નમાઝ છે, જે બંદાઓ પર ફરઝે વાજિબ છે. **"૬"** ની ગિન્તી વાસ્તે અલ્લાહતઆલાનો કૌલ છે કે, "આસ્માનો અને ઝમીન અને તે બંનેને દરમિયાન જે કઈ હમેં પૈદા કીધું છે તે ૬ અય્યામમાં કીધું છે, અને હમને નુકસાન નહીં કરે કોઈ બેકાર વાત." **"૭"** ની ગિન્તીમાં અલ્લાહનો કૌલ છે કે, હમેં તમારા માથાને ઉપર યાઅની કે, ફિઝામાં ૭ સખ્ત આસમાનને બનાવેલા છે. **"૮"** ની ગિન્તી વાસ્તે કુરઆની આયત છે કે, "ઉચકશે તમારા રબના અર્શને તમારા ઉપર કયામતના દિન ૮ ફરિશ્તાઓ. **"૯"** ની ગિન્તી વાસ્તે અલ્લાહનો કૌલ છે કે, હમેં મૂસા (અ.સ.) ને ૯ ની ખુલ્લી નિશાનીઓ આપી જે વક્ત બની ઈસ્રાઈલે આપ (અ.સ.) ને મોઅજિઝાનો સવાલ કીધો. **"૧૦"** ની ગિન્તી તરફ અલ્લાહતઆલાનો આ કૌલ ઈશારો કરે છે કે, હમેં મૂસાને ૩૦ રાતો મુનાજાત કીધા બાદ તજલ્લીનો વાઅદો આપો અને પછી હમેં ૧૦ બીજી રાતોમાં તેના રબના વાઅદાને તમામ કીધો. **"૧૧"** ની ગિન્તીના બારામાં અલ્લાહનો કૌલ છે કે, જે વક્ત યૂસુફ (અ.સ.) એ આપના બાવાજીને ફરમાવું કે, અય મારા બાવાજી ! મેં ૧૧ સિતારાઓને જોયા. **"૧૨"** ની ગિન્તી વાસ્તે કુરઆની આયતનો ઈશારો છે કે, "જે વક્ત મૂસા (અ.સ.) એ પોતાની કૌમને વાસ્તે પાની તલબ કીધું તો હમેં હુકમ કીધો કે, તમારી દાંગને પત્થર પર મારો તો એમાંથી ૧૨ ચશ્માઓ ફૂટા." આ સવાલ પૂછનાર અબ્દુલ્લાહ બિન સલામ યહૂદી હતો. આમાં આખરી ગિન્તીનો સવાલ જેમાં "૧૨" વાસ્તે ઈશારો છે, તે વાસ્તે એક ફિરકો આ ૧૨ ચશ્માઓની તાવીલ ૧૨ ઈમામોની કરે છે, જે ગલતીની ચોખ્ખી નિશાની છે. **કુરઆને કરીમમાં એક થી લઇને હઝારોની ગિન્તીના સિલસિલાની આયતે શરીફાહ નાઝિલ થયેલી છે.** આમાંથી ૧૨ ની ગિન્તી ઈમામોની ગિન્તીમાં બંધ બેસાડવી એ હક્ક વાસ્તે દલીલ નથી. અગર એ લોગો મૌ.અલી (અ.સ.) ને ઈમામોની ગિન્તીમાં શુમાર ન કરતા તો, યૂસુફ (અ.સ.) જે ૧૧ સિતારા આસ્માન પર જોયા તો ૧૧ ની ગિન્તી ને પણ ઈમામો સાથે બંધ બેસાડી દેતા. જો આ મુમ્કિન ન હોત તો ઝિલહજ્જાહ મહીનાની ૧૦ રાતોના બરાબર ૧૦ ઈમામોની ગિન્તી ઊભી કરી દેતા. તેથી સૈયેદના હસન બિન નૂહ ભરૂચી (આ.કુ.) પોતાના મશ્હૂર કિતાબ **"કિતાબુલ અઝહાર"** માં અપના ઈસ્માઈલી તૈયેબી મઝહબની હક્કાનીયતના સિલસિલામાં જે એક દાઈ અને આપના શાગિર્દને દરમિયાન મુનાઝેરો અને વાતચીત થઈ તે લફ્ઝે લફ્ઝ બયાન ફરમાવે છે. ★

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઇ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઇ (મુબંઇમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઇ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★

## -::: ઝાહેર ખબર :::-

### ડૉ. રોશનઅલી વ્હોરા

એમ.એસ. (ઈ.એન.ટી.)

**નાક, કાન અને ગલાના સર્જન**

**શિફા નર્સિંગ હોમ,**

એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.

ટાઈમ: બુધ-શનિ : ૬ થી ૮ સાંજે રવિવાર : ૧૧ થી ૧૨ સવારે

(અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને આવવું.)

ફોન : ૨૫૭૦૩૩૮ ★

### બરોડા ડેરી સુગમ પાર્લર

**દૂધ, દહીં, છાસ, ઘી, પનીર, બટર, આઇસ્ક્રીમ વગેરે સુગમની બધી આઇટમો મીલશે.**

**ખુશીના આવસર પર ઓર્ડર લેવામાં આવશે.**

સરનામું :

અલવી બેંકની બાજુમાં, આજવા રોડ, વડોદરા-૧૯.

ફોન : ૯૮૯૮૬૬૪૪૭૬ (અબ્બાસી ઝેડ. અજબશાહ) ★

### ફાતેમા આર્ટ ક્લાસ

➪ આધુનિક ટેકનીકથી "ગ્લાસ પેઈન્ટીંગ" અને દરેક પ્રકારની હેન્ડ એમ્બ્રોઇડરી શીખાવવામાં આવશે.

➪ ફેબ્રીક પેઈન્ટીંગમાં (૧) શાઈનીંગ (૨) જરીવર્ક (૩) એમ્બોસ વર્ક (૪) બીડસ વર્ક (૫) પેઈન્ટ વર્ક

➪ લેટેસ્ટ ફેબ્રીક પેઈન્ટીંગનાં મોડર્ન ટેકનીક અને બ્રશ સ્ટ્રોક.

➪ ૭ થી ૧૪ વર્ષના બચ્ચાઓને ડ્રોઈંગ શીખાવવામાં આવશે.

➪ આર્ટ વર્કમાં કેકલ વર્ક, ડેકોપેજ વગેરે.

➪ દરેક પ્રકારના કાપડ પર છાપકામ કરી આપવામાં આવશે.

➪ એમ્બોસના કોન મીલશે.

**ફાતેમાબેન એ. ગાંધી**

✲ વાડી, બદરી મોહલ્લા, ગલીવાલાના મકાનને બાજુમાં, વડોદરા. મો.: ૯૩૭૭૩૯૫૬૫૫.

✲ વ્હોરા ક્લાસિસ, શુજા એપાર્ટમેન્ટની સામે, તૈયબી પાર્ક, આજવા રોડ, વડોદરા - ૧૯. ★

### Maxim Refrigeration

Repairs & Services of all types of Refrigerators, ACs & Washing machines & Annual Maintenance.

B-10, Vishramnagar Society,
Opp. Taksh Complex, Vasna Road,
Vadodara - 15.

**Mashkur - 9925595229** ★


## -::: શરીઅત :::-

ખુદાતઆલાએ ઈમાનને લોગો પર શિર્કની મેલાશ થી પાક થાવા ફરઝ કીધું છે. તેમ, નમાઝને તકબ્બુરી અને બડાશથી ચોખું કરવા, ઝકાતને રોઝીની કુશાદગીનો સબબ બનાવવા, રોઝાને મખ્લૂકના ઈખ્લાસની આઝમાઇશ વાસ્તે, હજ્જને દીનની મઝબૂતી વાસ્તે, જેહાદને ઈસ્લામની ઈઝઝત વાસ્તે, માઅરૂફના હુકમને આમ લોગોની મસલેહત અને ખૈર વાસ્તે, મુન્કરની રોકથામને બુરા લોગોને મીટાવવા વાસ્તે, રિશ્તેદારની મુલાકાતને ઝિંદગીને લંબી કરવા, કિસાસ-બદલો લેવાને ખૂંરૈઝીથી બચાવવા, શરીઅત મુજબ સઝા આપવાને હરામકારીની રોક વાસ્તે, શરાબ પીવાને હરામ કરવું અકલ-સમઝની હિફાઝત વાસ્તે, ચોરીની રોક લગાવવાને પરહેઝગારીને વાજિબ કરવા વાસ્તે, ઝિનાને હરામ કરવું નસલ-નસબની પાકીઝગી બખશવા, લવાતતને રોકવું (મરદ-મરદ અને બૈરો-બૈરો સાથે બદકારી કરે) નસલને વધારવા, આપસમાં શહાદત આપવું એકબીજાના મુઆમેલાત અને વાતચીતમાં એતેમાદ વધારવા, જૂઠ ને મુકવું સચ્ચાઇને શરાફત આપવા, ઈસ્લામને અમાન બનાવું ખૌફને મીટાવવા, ઈમામતના દરજાને કાઈમ રાખવું ઉમ્મતમાં નિઝામને બરાબર કરવા અને સાહબે હક્કની તાઅતને ફરઝ કીધી ઈમામતની અઝમત બરકરાર રાખવા. ★

## -::: હિકમત :::-

બૈરોની ત્રણ ચીઝો મરદો વાસ્તે ફિકરઅંગૈઝ સાબિત થાય છે : **(૧) ખૂબસૂરતી (૨) ડરપોકપણું અને (૩) બખીલી.** જે વક્ત બૈરો ખૂબસૂરત હોય છે તો તે પોતાની ઝાત પર કાબૂ રાખી શકતી નથી આ ચીઝ મરદો વાસ્તે ઘણી ફિકર અંગૈઝ હોય છે. જે વક્ત બૈરો બખીલ હોય છે તો તેના માલની હિફાઝત કરે છે. મગર જેમાં બખીલી દરકાર ન હોય તેમાં પણ તે પોતાની બખીલી કરવાની આદત છોડી શકતી નથી જે મરદ વાસ્તે શરમનાક સાબિત થાય છે. જે વક્ત ડરપોક હોય છે તો જે પણ ચીઝ તેને દરપૈશ આવે છે તેનાથી ખૌફ કરા કરે છે જેના સબબ મરદ ફિકરમંદ રહે છે. ★

**જૂઠનો સહારો લેનાર શખ્સ મુમિનનું નુકસાન કરી શકતો નથી.**

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

### ફાઈન આર્ટ કલાસ

➙ ફેબ્રીક પેઈન્ટીંગ, એમ્બોસ પેઈન્ટીંગ, જરીવર્ક, બીડસ વર્ક તથા એમ્બ્રોઈડરી વર્ક શીખવા માટે.
➙ જરી વર્ક માટે જરી પાવડર, ગ્લૂ તથા અન્ય મટીરીયલ્સ વ્યાજબી ભાવે મેળવવા.
➙ ઓર્ડર મુજબ આકર્ષક ડ્રેસ, રીદા, ઘાઘરા-ઓઢણાં ઉપર વર્ક તેમજ પેઈન્ટીંગ કરવા માટે.

કોન્ટેક્ટ : બુરહાના એમ. ગોદીવાલા,
એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૯૮૫૮૨૭૧૬ ★

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

### માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

## -::: ઝાહેર ખબર :::-

### કલાસીક ફોટો સ્ટુડીઓ

**મઝહરઅલી એમ. કાચવાલા** મો.: ૯૫૫૮૬૪૯૯૭૨
**મોહંમદઅલી કાચવાલા** મો.: ૯૯૦૪૪૭૦૪૯૮

અમારે ત્યાં નીચે જણાવ્યા મુજબના કામ કરી આપવામાં આવશે :
(૧) ડીજીટલ સ્ટુડીઓ ફોટોગ્રાફી (૨) પાસપોર્ટ ફોટો (૩) ઈમીગ્રેશન અને વીઝીટર વીઝા ફોટો (૪) ફોટો એડીટીંગ (૫) વેડીંગ ફોટોગ્રાફી (૬) ચીલ્ડ્રન્સ, ફેમેલી અને ગ્રુપ ફોટોગ્રાફી (૭) ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડક્ટ ફોટોગ્રાફી (૮) કોઈપણ પ્રકારના ફંકશન - પ્રસંગની ફોટોગ્રાફી (૯) રોલ ડેવલોપીંગ અને પ્રિન્ટીંગ (૧૦) ફોટો પ્રિન્ટસ : સી.ડી., મેમરી કાર્ડ, પેન ડ્રાઈવમાંથી (૧૧) પર્સનાલાઈઝડ ગ્રીટીંગ્સ, બર્થડે ઈન્વીટેશન કાર્ડસ, વીઝીટીંગ કાર્ડસ.

➧ ઉવેઝ ચેમ્બર, દુકાન નંબર ૩, સુલેમાની બેંક પાસે, ઝાયકા કેટરર્સની બાજુમાં, સુભાનલ્લાહ હોટેલ સામે, ગેંડીગેટ રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૭. ★

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★




**કનાઅત (સંતોષ) થી હસદ, હિર્સ અને લાલચ જેવી ખરાબી મટી જાય છે.**